

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મેડિકલ - કેમિકલનાં મોટાં ઝરણાં પડે છે!*
*અને આપણાં જ તંત્રનાં એણે શરણાં મળે છે,*
*ઉંચકે તરણાં 'સ્વચ્છતા અભિયાન' ના નાટકે -*
*'સાબરમતી' રાજરમતનાં ધરણાં સહે છે...*

હાઈકુ

*છે ક્રિયાકાંડ*
*સ્વચ્છતા અભિયાન -*
*ફોટે સેશન...*

*નામના માટે -*
*અનંત અભિયાન -*
*ખાયકી માટે...*
*(અખૂટ-અક્ષય-પાત્ર)*

### ચિંતન

***બંધસ્છ મોક્ષો મનસૈવ પુંસા મર્થોડપ્પનર્થોડપ્પમુનૈવ સિદ્યતિ ।***
***શુદ્ધેન મોક્ષો મલિનેન બંધો વિવેકતોડથાડપ્પવિવેકતોડન્ય: ॥***

**ઉપરોક્ત શ્લોક 'જ્ઞાનસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.**

**મનને લીધે જ મનુષ્યોને બંધન અને મોક્ષ થાય છે, તેમ જ અર્થ અને અનર્થ પ્રાપ્ત થાય છે. શુદ્ધ મનથી વિવેક થતાં જીવનો મોક્ષ થાય છે અને મલિન મનથી અવિવેક થતાં બંધન થાય છે.**

**મોક્ષ અને માયાના બંધનનું કારણ 'મન' છે. સંસ્કાર અને પુણ્યો થકી જ વિચારો આવે છે. આ વિચારો મનને સારાં કર્મ કે ખરાબ કર્મ એટલે કે 'આચરણ' માટે પ્રેરે છે. પૂર્વ જન્મના સારાં કે ખરાબ કર્મો દ્વારા આચરણ-વર્તન થાય છે. આમ 'મન' જે કંઈ કરે વિચારે સત્સંગ કે દુસંગ પર આધારિત હોય છે.**

**'મન' વિશેનું એક ફિલ્મી ગીત વારંવાર સાંભળવા અને સમજવા જેવું છે.**

### સુવિચાર

- તું જિંદગી જી તો ઐસી જી કિ સદા દિલ યાદ કરે,
  તું જરાં સે ચલા જાએ તો દુનિયા કો તેરી યાદ રહે - **ઓશો**
- લંગોટ લુંટ્યે તંબુનો થાય - **જુની ગુજરાતી કહેવત**
- ચિંતક એટલે મનુષ્યના આત્માનો ઈજનેર - **સ્ટાલિન**
- મૂર્ખતાપૂર્ણ દઢતા વિનાશના માર્ગે લઈ જાય છે - **ઈમર્સન**
- માત્ર સલાહ આપી મુરબ્બી ન બનશો પણ સહાયરૂપ બની સાથીદાર જરૂર બનજો - **સ્વેટ માર્ડન**
- મનુષ્યના કેવળ ત્રણ જ વર્ગ થઈ શકે છે, વિપરીત ગામી, સ્થિર અને અગ્રગામી - **જેન ઓસ્ટિન**
- આજનું ઔષધ : હૃદયમાં દર્દ જેવું થાય કે ધબકારા અચાનક વધી જાય તો દ્રાક્ષનો રસ પીવાથી તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક દિવસ મુલ્લા નસરુદીન દોડતો દોડતો નદી કિનારે પહોંચ્યો. નદી પાર કરવી હતી. ઉતાવળમાં હતો. ડર એ હતો કે કયાંક નાવ છૂટી ન જાય. ખુશ થઈ ગયો. થોડાંક જ ડગલાં દૂર હતો કે પડતા - આખડતા નાવમાં બેસી ગયો. કપડા ફાટ્યા, હાથ છોલાયો, પગમાં વાગ્યું લોહી નીકળ્યું. તો પણ ખુશીમાં ઊઠીને ઊભો થઈ આનંદભાવથી સહયાત્રીને કહ્યું, 'ભલે મોડું થયું પણ આખરે પહોંચી તો ગયો. નાવ તો પકડી શક્યો.' ત્યારે સહયાત્રીઓ ફોડ પાડતાં કહ્યું, અમે સમજી શકતા નથી ભાઈ. આટલી તો શી ઉતાવળ છે? નાવ જઈ રહી નથી, આવી રહી છે !!' મૃત્યુ નજીક આવતા તમે પામશો કે જિંદગીભર જે દોડ મૂકી દોડ્યા પહોંચી ગયા તે નાવ જનારી નથી, તે તો હજી કિનારા પર આવી રહી છે. પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે. મોતની પહેલા જાગી જાઓ તો તે તેનું કોઈ મોત નથી અને જો મોત-સુધી સૂતા રહે તેનું કોઈ જીવન નથી. સૂતા વ્યક્તિનું જીવન એક લાંબુ સ્વપ્ન છે, જેને મૃત્યુ તોડી નાખશે. જે જીવતે જીવ જાગી ગયો તેનું પછી કોઈ મૃત્યુ નથી.

# રાજયોગિનીનું મહાનિર્વાણ

**તંત્રીસ્થાનેથી...**

ક્યારેક મહાત્મા ગાંધીની રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય બનેલા સિંધી વેપારી લેખરાજ એક દિવસ દિવ્ય ચેતનાની અનુભૂતિ થતાં રાજકારણ અને લાખોની હેરાફેરીવાલો વેપારધંધો છોડી વિશ્વ શાંતિની શોધમાં જીવન સમર્પિત કરી દે છે અને સનાતન હિંદુ ધર્મની વિવિધ સ્વરુપોમાં વહેંચાઈ - વિખેરાઈ ગયેલી તથા કર્મકાંડને ધર્મ માની બેઠેલી શ્રદ્ધાળુ પ્રજા સમક્ષ પરમાત્માના સાચા સ્વરુપને ઉદાગર કરવા કૃતસંકલ્પ બને છે. આદિ-અનાદિ પરમાત્મા શિવબાબાનું જયોતિબિંદુ સ્વરુપ એના વારસદાર એવા મનુષ્ય દેહધારી આત્માઓને પણ ચાક્ષુષ થઈ શકે - એવા રાજયોગની ઓરિજિનલ થિયરીના સ્થાપક લેખરાજને બ્રહ્માબાબા તરીકે ઓળખાવવાનું શરૂ કર્યું. એમને રાજયોગના પ્રચાર સોંપીન ધર્મક્ષેત્રે જબરદસ્ત ક્રાંતિનાં મંગલાચરણ કરાવ્યાં. માઉન્ટ આબુને પ્રજાપિતા બ્રહ્માની સાધનાસ્થલી તરીકે વિકસાવવામાં રાજયોગિની મહિલાઓનો સિંહફાળો છે. આજે તો 'બ્રહ્માકુમારીઝ' એ વૈશ્વિક યુનિવર્સિટી તરીકે યુનાઈટેડ નેશન્સની માન્યતા ધરાવે છે અને અનેક દેશોમાં એની શાખા-પ્રશાખાઓ ફેલાઈ ચૂકી છે. બ્રહ્મા બાબાએ એમના વિશ્વશાંતિના પવિત્ર સંકલ્પને સાકાર કરવા જે કેટલીક ઉત્સાહી બહેનોને નિયુક્ત કરી એમાંનાં એક તે હમણાં જ બ્રહ્મલીન થયેલાં ગુજરાત પ્રાંતનાં મુખ્ય સંચાલિકા પૂ. સરલા દીદી હતાં. સતત અડધા સૈકા સુધી એમણે બ્રહ્માકુમારી સંસ્થાનું સુચારું સંચાલન કરીને ગુજરાતને બ્રહ્માકુમારીઝનો ગઢ બનાવી દીધું છે. વિશ્વ વ્યાપી પ્રતિષ્ઠાન હોવા છતાં 'બ્રહ્માકુમારીઝ' માટે ગુજરાતનું આગવું મહત્ત્વ રહેતું આવ્યું છે. સિનિયર દીદી હોવા છતાં એમને હેડ ક્વાર્ટર આબુ કરતાં પોતાના કાર્યક્ષેત્ર ગુજરાત ખાતે જ રહેવાનું પસંદ કર્યું. અલબત્ત, એમની દીર્ઘદષ્ટિ અને સમર્પણનો લાભ મુખ્યાલયની મધ્યસ્થ સમિતિનાં સભ્ય તરીકે અને સાયન્ટિસ્ટ એન્ડ એન્જિનિયરિંગ વિંગનાં અધ્યક્ષા તરીકે માઉન્ટ આબુ સ્થિત વિશ્વ વિદ્યાલયને મળ્યો જ હતો. એમના કાર્યકાળ દરમિયાન અનેક દેશોનો પ્રવાસ કરી રાજયોગ અને ભારતીય સંસ્કૃતિનું ભવ્ય અભિયાન ચલાવનારાં સરદા દીદી જૈફવયે પણ યુવાનોને શરમાવે એવી સક્રિયતા સાથે છેક અંતરિયાળ ગ્રામીણ ક્ષેત્રોમાં સેન્ટરોને માર્ગદર્શન આપતાં રહ્યા. છેલ્લા શ્વાસ સુધી પરમાત્મા પ્રેરિત પ્રવૃત્તિમાં અહર્નિશ કાર્યરત રહેલાં સરલા દીદી ગુજરાતના ધર્મક્ષેત્રનું એક તેજસ્વી નક્ષત્ર હતાં. રાજભવન હોય, મુખ્યમંત્રીનું નિવાસસ્થાન હોય કે રાષ્ટ્રીય - ધાર્મિક પર્વના પ્રસંગો હોય : સરદા દીદી એ વખતે અચૂક નજરે ચઢતાં નારીશક્તિના પ્રચંડ આવિર્ભાવની ભવ્ય અને દિવ્ય વિભાવના બ્રહ્માકુમારીની દાદીઓ અને દીદીઓમાં સાકાર થતી જોવા મળે છે. આવી એક પ્રતિમાનો દેહવિલય ગુજરાત માટે મોટી ખોટ બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. એ દિવ્ય આત્માને શિવબાબાના સાંનિધ્યમાં ચિર શાંતિ પ્રાપ્ત થાઓ એ જ અભ્યર્થના.

## જિસ ઘર મેં નારી જાતિ કો માન દીયા જીતા હે, ઈજ્જત દિ જાતી હે, ઉસ ઘર મેં દેવતા બસતે હે...

*જિસ ઘર મેં નારી જાતિ કો માન દીયા જીતા હે, ઈજ્જત દિ જાતી હે, ઉસ ઘર મેં દેવતા બસતે હે... ઔર જિસ ઘર મેં નારી કા અપમાન હોતા હે ઉસ ઘર મેં રાક્ષસ રહતે હે...*
*- ઘર હો તો ઐસા*



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા
jayuoza@gmail.com

ઈ.સ. ૧૯૯૦માં 'કલ્પતરુ' નામક દિગ્દર્શક દ્વારા દિગ્દર્શિત આ 'ઘર હો તો ઐસા' ફિલ્મ મોટી સુપરહિટ ફિલ્મ સાબિત થઈ હતી... અનિલ કપૂર, મિનાક્ષી સેશાદ્રી, કાદરખાન જેવા કલાકારો આ ફિલ્મમાં હતા. આ સમય એવો હતો જયારે સામાજિક ફિલ્મોનો એક જુવાળ ચાલ્યો હતો, અને સુંદર પરિવારલક્ષી ફિલ્મો બનતી હતી. ખૂબ જ ખરાબ સાસુ તરીકે બિંદુએ આ ફિલ્મમાં અભિનય કર્યો હતો, જે પોતાના મોટા દીકરા રાજકિરણની પત્ની દિપ્તી નવલને કામવાળીની જેમ રાખતી હોય છે, અને ત્રાસ આપતી હોય છે, આ જ ઘરમાં અનિલ કપૂરે નાના પુત્રનો રોલ અદા કર્યો છે, જેના મુખે આ સંવાદ બોલાવવામાં આવ્યો છે. ફિલ્મના સંવાદ કાદરખાને લખ્યા છે. આ ફિલ્મની ૧૯૯૧માં તેલુગુ રિમેક પણ બની હતી. આ ફિલ્મનાં પ્રોડ્યુસર ફિરોઝ નડિયાદવાલા હતા.

સ્ત્રીનું સન્માન તો આપણા દેશની વર્ષો જૂની પરંપરા છે, અને આપણી સાંસ્કૃતિક ધરોહર છે. 'મનુસ્મૃતિ' નામક આપણા પ્રાચીન અને પ્રચલિત સંસ્કૃત ગ્રંથમાં અદલ ઉપરના સંવાદ જેવો જ શ્લોક મળી આવે છે. જે ખૂબ પ્રચલિત પણ છે.

**યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા : ।**
**યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વા : તત્ર અફલા : ક્રિયા : ॥**

- જે ઘરમાં નારીઓની પૂજા થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે, જયાં તેમની પૂજા કરવામાં નથી આવતી ત્યાં બધી જ ક્રિયાઓ નિષ્ફળ જાય છે.

આપણા કમનસીબે આપણને હંમેશા એમ જ સમજાવવામાં અને થોપવામાં આવ્યું કે આપણા દેશમાં નારીનું સન્માન જોઈએ તેવું કરવામાં નહોતું આવતું, અને માટે જ સ્ત્રીસશક્તિકરણની પતાકા લઈ લઈને ઘણાં બનાવટી લોકોએ અપપ્રચારમાં કશી મણા રાખી ન હતી.

પરંતુ, આશરે બીજી શતાબ્દીમાં લખાયેલ 'મનુસ્મૃતિ' નામક ગ્રંથમાં ઉપરોક્ત વાત કહેવામાં આવી છે. એટલે કે આજથી લગભગ ૧૯૦૦ વર્ષ પહેલાં સ્ત્રીના સ્વાભિમાન તેના સન્માનની વાત આપણા ઋષિઓ કહી ચૂક્યા છે, કે જયારે તે સમયે ભારત દેશ સિવાયનું સમગ્ર વિશ્વ તો હજી ઊગીને ઊભું થતું હતું...

Mo. 9898046488

## 'કવિતા દસે દિશાની' કાર્યક્રમ સંપન્ન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર આયોજિત એક 'નવોદિત વાર્તાલેખન શિબિર, તા. ૨૩-૫-૨૦૧૯થી તા. ૨૫-૫-૨૦૧૯ દરમિયાન, ઓટોસેન્ટર, માતર, જી. ખેડા ખાતે અકાદમીના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. આ શિબિરની શરુઆતમાં તા. ૨૩-૦૫-૨૦૧૯' ના રોજ ઉદ્‌ઘાટન બાદ, મહામાત્ર અજયસિંહ ચૌહાણે ભૂમિકા બાંધી હતી અને તજજ્ઞો રાઘવજી માધડ, ડૉ. મોહન પરમાર અને મણિલાલ હ. પટેલ દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈએ ગુજરાતી ટૂંકી વાર્તાના આધારે રચના પ્રક્રિયા અંગેની પ્રશ્નોત્તરીના જવાબો આપ્યા હતા. રાત્રે શિબિરાર્થીઓની વાર્તાઓનું પઠન થયું હતું. તા. ૨૪/૫/૨૦૧૯ના રોજ પ્રાત:કાર્ય વાચન અને લેખન બાદ રજનીકુમાર પંડ્યા સાથે 'મારી વાર્તા લેખન પ્રક્રિયા અંગે પ્રશ્નોતરી થઈ હતી અને ત્યારબાદ વાર્તાપઠન અને ચર્ચા વિચારણા બાદ રાત્રે શિબિરાર્થીઓની વાર્તાઓનું પઠન થયું હતું. તા. ૨૫/૫/૨૦૧૯ ના રોજ વાચન-લેખક બાદ વાર્તાકારો સાથે વાર્તાલાપ અને ચર્ચા પછી, સમાપન બેઠકમાં સંયોજકો રાઘવજી માધડ, મોહન પરમાર અને મણિલાલ હ. પટેલના પ્રતિભાવ બાદ ડૉ. વિષ્ણુ પંડ્યાના અધ્યક્ષીય ઉદ્‌બોધન બાદ શિબિરની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.'

● પ્રદાન કોમ્યુનિકેશન પ્રસ્તુત 'સદા સર્વદા કવિતા' અંગેનો 'કવિતા દસે દિશાની' કાર્યક્રમ તા. ૨-૬-૨૦૧૯ના રોજ, સાંજે ૬.૦૦ વાગે, રા.વિ. પાઠખ સભાગૃહ, ગુ.સા. પરિ; અમદાવાદ ખાતે યોજાઈ ગયો. જેમાં ડૉ. મોહન પરમારે પોતાની સર્જન પ્રક્રિયા વિશે, બિપિન પટેલ, ડૉ. મોહન પરમારના ગદ્યપ્રદાન વિશે વાત કરી હતી. ડૉ. હર્ષદ ત્રિવેદી અને ડૉ. દલપત પઢિયાર ખાસ ઉપસ્થિત રહી કિશોર જીકાદરા અતિથિ કવિ તરીકે ઉપસ્થિત રહી પોતાની રચનાઓનું પઠન કર્યું હતું. જયારે ગઝલકાર હર્ષ બ્રહ્મભટ્ટ દ્વારા આવકાર આપવામાં આવ્યો હતો.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824366893

# પોરબંદરના મહારાણા નટવરસિંહજીની સ્મૃતિ વંદના



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

પોરબંદરના રાજવી નટવરસિંહજીને જણાવવામાં આવે છે કે મહાકવિ નાનાલાલ પોરબંદરની મુલાકાત માટે આવે છે. આમતો રાજ્યમાં કોઈ કવિનું આગમન એ શાસક માટે મોટી કે મહત્વની સામાન્ય રીતે ગણાતી નથી, પરંતુ અહીંની વાત જુદી હતી. મહારાજા નટવરસિંહજી રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે કવિ નાનાલાલ ત્યાં અધ્યાપક હતા. આથી મહાકવિ નાનાલાલના આગમનના સમાચાર સાંભળી મહારાજાના કાન ચમકે છે. કવિ કયા દિવસે આવે છે તેની વિગત મેળવે છે. મહાકવિના આગમન પ્રસંગે લોકો માટે તથા રાજ્યના અધિકારીઓ માટે એ આશ્ચર્યની ઘટના હતી કે મહારાજા જાતે મહારાણી સહિત મહાકવિને 'ભલે પધારો' કહેવા પોરબંદરના રેલ્વે સ્ટેશન પર હાજર હતા. વિવેકપૂર્વક મહાકવિ અને પોતાના અધ્યાપકનું આવું સન્માન કરીને મહારાજાએ સહજ રીતેજ પોતાના વિદ્યાવ્યાસંગી તથા ગરીમાપૂર્ણ વ્યક્તિત્વના દર્શન કરાવ્યા હતા. સ્વભાવથીજ શાલિન એવા પોરબંદરના આ છેલ્લા રાજવીએ સત્તા ત્યાગ તો કર્યો પરંતુ વ્યાપક લોકસમૂહના દિલોદિમાગ ઉપર આજીવન પ્રેમના હક્કથી શાસન કર્યું હતું. રવીન્દ્રનાથ ટાગોર પણ પોરબંદર આવ્યા ત્યારે તેમનો વિવેકપૂર્ણ સત્કાર કરવા મહારાજા નટવરસિંહજી પોરબંદરના સમુદ્ર તટે આદર ભાવ સાથે હાજર રહ્યા હતા. આ વાતો કદાચ નાની કે ઓછી મહત્વની પણ કોઈને લાગે પરંતુ સાંપ્રત સમયમાં તેનું મૂલ્ય છે. સમાજજીવન કે જાહેરજીવનમાંથી સૌજન્યનો અભાવ એ આજના સંદર્ભમાં સાલે એવો છે. ત્યારે આ વાતો વિશેષ પ્રસ્તુત છે. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી કે ગોંડલના રાજવી ભગવતસિંહજી પણ આવા શીલભદ્ર શાસકોના ઉજળા ઉદાહરણ સમાન છે. સુદામાપુરી કહેવાતા પોરબંદરનાજ એક અકીંચન પરંતુ શ્રધ્ધાવાન મિત્ર ભૂદેવને સત્કારવા મહારાજ કૃષ્ણ સામે દોડીને આ દૂબળા દોસ્તને મળ્યા હતા. શાસ્ત્રોની આ જાણીતી કથાનું સમયાંતરે પુનરાવર્તન થતું રહે છે. પાત્રો અને સંદર્ભ કાળના ચક્ર અનુસાર બદલાતા રહે છે પરંતુ સૌજન્ય તેમજ શાલીનતાનો મજબૂત ધાગો આવી ઘટનાઓને સાંકળીને ઊભો છે. ગુરુતાકે લઘૂતાના ભાવો અહીં ફરક્યા નથી. માનસમાં તુલસીદાસજીએ ગાયું છે તેમ અહીંતો ગુરુતાએ નમીને પોતાનું તેજ વિસ્તાર્યું છે. તુલસી કહે છે :

બડે સનેહ લઘૂન પર કરહી
ગિરી નિજ શિષ સદા તૃન ધરહી.

મહારાજા નટવરસિંહજીનો શાસનકાળ લગભગ અઢી દાયકાનો રહ્યો. દેશ આઝાદ થયો ત્યારે કેટલાક રાજવીઓએ સત્તા છોડવામાં આનાકાની કરી હતી, પરંતુ ભાવનગર રાજ્ય સાથે નજીકના સગપણ તથા સંસ્કારથી સંકળાયેલા મહારાજા નટવરસિંહજીએ યુનિયન ઓફ ઈન્ડીયામાં પોતાના રાજ્યનું સમર્પણ મુક્ત મને કર્યું હતું. ૨૬મી જાન્યુઆરી ૧૯૨૦ના દિવસે પોરબંદર રાજ્યની ગાદી ઉપર નટવરસિંહજીનો રાજ્યાભિષેક થયો. પોરબંદરના આ છેલ્લા રાજવીએ જે કામો કર્યા તેમાં તેમની ઊંડી સૂઝ તથા અનેક વિષયોમાં રસ લેવાની વૃત્તિનું દર્શન થાય છે. નટવરસિંહજીને ક્રિકેટની રમત પ્રિય હતી. તેઓ ક્રિકેટની રમતના નિષ્ણાત હતા. રાજવી પોતે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે ૧૯૩૨ માં ઈંગ્લાંડ રમવા ગયેલા તેવી નોંધ શ્રી નરોતમ પલાણે કરેલી છે. રાજ્યના યુવાનોને ક્રિકેટની તાલીમ મળે તથા તેઓ તેમાં આગળ આવે તેવું આ રાજવીનું સ્વપ્ન હતું. આ હેતુને ધ્યાનમાં રાખીને નટવરસિંહજીએ પોરબંદરમાં સાધન સુવિધા વાળી ક્રિકેટ સ્કૂલની સ્થાપના કરી હતી. જામનગર વિશ્વવિખ્યાત ક્રિકેટર તથા મહારાજા રણજીના ભત્રીજા દુલીપસિંહજીના નામથી તે સ્કૂલની શરૂઆત કરવામાં આવી. સ્કૂલનું ઉદઘાટન પણ દુલીપસિંહજીના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું. ગુજરાતની પણ આ એક જૂની તથા ગણનાપાત્ર શાળા ગણાય છે. ભારતીય ક્રિકેટમાં જેમનું મોટું નામ છે તેવા વિજય મરચંટના હસ્તે વિજય પેવેલિયન ખુલ્લું મૂકવામાં આવ્યું. આ પ્રકારના અલગ અલગ વિષયના કેટકેટલા કામો આ દ્રષ્ટિવાન રાજવીએ કર્યાતે જોતાં તેમના તરફ અહોભાવ થાય તેવું છે. અનેક રાજવીઓમાં આવી દ્રષ્ટિ જોવા મળી નથી.

પોરબંદરને સમૃધ્ધ તથા સંસ્કાર નગરી બનાવવાનું રાજવીનું જીવન લક્ષ રહ્યું. તે માટે તેમના પ્રયાસો પણ નક્કર તેમજ પરિણામદાયક રહ્યાં. ઋજુ હદયના તેમજ સંગીતના સાધક આ રાજવી રાજાશાહી મીજાજથી તદન અલગ વ્યક્તિત્વ ધરાવનારા હતા. રાજવી નટવરસિંહજીનો જન્મ ૩૦ જૂન ૧૯૦૧ના દિવસે થયો હતો. આથી જૂન માસમાં એક પ્રજાવત્સલ રાજવીને યાદ કરી તેમની સ્મૃતિ તાજી કરવી તે પણ એક લહાવો છે.

નટવરસિંહજી કળાપ્રિય રાજવી હતા. રાજ્યની શાળાઓમાં સંગીત અને ચિત્રકળાના વિષયોને ખાસ સ્થાન હતું. જે અન્ય રાજ્યોમાં તે સમયે જોવા મળતું ન હતું. જનસમૂહને સ્પર્શતા પ્રશ્નો ઉકેલવાની નટવરસિંહજીની અગ્રતા હતી. ગામડાઓમાં વસતા લોકોના પ્રશ્નો સમજવા માટે રાજ્યના લગભગ પ્રત્યેક ગામડાંની મુલાકાત લેનાર આ દુર્લભ રાજવી હતા. આડેધડ થતા ગેરકાનૂની ખનનનો પ્રશ્ન આજે પણ આપણી સામે પડકાર સ્વરૂપે ઊભો છે. નટવરસિંહજીએ પોતાના કાળમા આવી પ્રવૃત્તિ અસરકારક પગલાં ભરીને અટકાવી હતી. રાજ્યમાં મુંગા પ્રાણીઓના બલીની પ્રથા અટકાવીને એક સુધારાવાદીને છાજે તેવું કાર્ય તેમણે કર્યું હતું. સ્વસ્થ અને સૂઝવાળા શાસકને છાજે તેવો ઉત્તમ વહીવટ તેમણે પૂરો પાડ્યો. આર્યકન્યા ગુરુકુળ જેવી સંસ્થા ઊભી કરવામાં તેઓ નાનજીભાઈ મહેતા સાથે એક પૂરક બળ બનીને ઊભા રહ્યાં. અનેક બાળાઓનું શૈક્ષણિક ઘડતર આ સંસ્થાએ કર્યું. એક સુધારાવાદી શાસક તરીકે પણ તેમની કાર્ય પધ્ધતિ જનમતને જાગૃત કરીને લોકોને સુધારાના માર્ગ તરફ દોરવાનો તેમનો વિશિષ્ટ પ્રયાસ હતો. સત્તાની જગાએ સમજપૂર્વકના સંવાદથી તેમણે આવા કામ કર્યા હતા.

વહીવટી કુશળતા તેમજ દીર્ઘદ્રષ્ટિને કારણે દેશના રજવાડાઓનું ભારતીય સંઘમાં એકત્રિકરણ કરવાનું અઘરું કાર્ય સરદાર સાહેબ કરી શક્યા. દેશ વધારે ટુકડાઓમાં વિભાજીત ન થાય તે માટેના સરદાર સાહેબના પ્રયાસો સફળ થયા એ આપણાં ઈતિહાસનું તેજસ્વી પાસું છે. સરદાર પટેલના પ્રયાસોમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરનાર રાજવી કૃષ્ણકુમારસિંહજી કે મહારાણા નટવરસિંહજી એ આ ઉજળા ઈતિહાસના મહાનાયકો છે.

# અન્ય પ્રદેશો જેવા ભાવવાહી ભજનો ગુજરાત પાસે નથી એવો ગાંધીજીનો મત ભરૂચે ભાંગ્યો



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

**ગાંધીજીના સત્યનો સ્વીકાર અને નિત્ય પરિવર્તનશીલતા જીવનના દરેક પ્રસંગે જોવા મળે છે**

દાંડીકૂચના સત્તરમા દિવસે રાત નો વિસામો રાયમા ખાતે કરવામાં આવ્યો હતો. રાયમા એ સજોદના બ્રાહ્મણોની વસ્તીવાળુ સાવ નાનકડું ગામ, પણ આ ગામની ઓળખ આપવી હોય તો એવી રીતે અપાય કે જેમ ચરોતરના રાસ ગામે અંગ્રેજોને પડકારવાનું કામ સીધેસીધું કર્યું હતું, એનાથી પણ પહેલા આ નાનકડા ગામના લોકોએ નાથુભાઈ કાશીરામના નેતૃત્વમાં ગોરી સરકારને પડકારી હતી. એથી જ બાપુ જ્યારે આ ગામથી દાંડીકૂચના સૈનિકો સાથે પસાર થતા હતા ત્યારે તેમના અને તેમના સાથીઓનાતમામ રેંટીયા રાયમા ગામને ભેટરૂપે આપી દીધા હતા. આ ગામની સંગઠીત લડત થકી આખા દક્ષિણ ગુજરાતને સ્વરાજ આંદોલનમાં જોડવાનું મહત્વનું યોગદાન આ ગામે આપ્યું હતું. રાયમાના આગેવાન ચંદુભાઈએ જ્યારે દાંડીકૂચના સૈનિકોને વિદાય આપતા હતા ત્યારે કહ્યું કે 'આપ અમારા સૌના ભલા માટે સંગ્રામ ચડ્યા છો તેથી અમારા હૃદય દ્રવે છે. આપને વિજય મળે એવી અમારા સૌની પ્રાર્થના છે. અમારા જિલ્લામાં ત્રુટીઓ તો ઘણી હશે પણ ઈશ્વર અમારી ટેક જાળવશે' એવી લાગણી સાથે તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રતિભાવનો જવાબ આપતા ગાંધીજીએ કહ્યું કે ગુજરાતનો કોઈપણ જિલ્લો છોડવો મને મુશ્કેલ લાગે છે. દરેક જિલ્લામાં રહી જઈએ અને અહીં જ મીઠું પકવવાનું શરૂ કરીએ એમ થાય છે પણ આપણને પ્રિય હોય તે હંમેશા આપણે કરી શકતા નથી. શ્રેયસ્કર હોય તે કરીએ છીએ એટલે દાંડી પહોંચવું જોઈએ. એથી આજે વસમું લાગે છે છતાં તમારી પાસે વિદાય લેવી પડે એમ છે. ત્યારબાદ ગાંધીજી અને તેમના સાથીઓ સાથે કીમ નદીને કાંઠે આવેલા ઉમરાછી ગામે જવા ઉપડ્યા હતા. ભરૂચ અને સુરત જિલ્લાની સરહદ કિમ નદી આંકે છે. કીમ નદી ઉપર વાંસના તરાપાઓનો કલાત્મક રસ્તો-પુલ તાલુકાના કાર્યકર્તાઓએ બાંધી દીધો હતો નદીની અધવચ્ચે ગાંધીજી અને સૈનિકો આવ્યા એટલે સુરત જિલ્લાના અગ્રણી મીઠુબેન પીટીટે બાપુને કંકુનો ચાંદલો કરી અને સૂતરનો હાર અર્પણ કરી સ્વાગત કર્યું હતુ.

ઉમરાછી ગામે ગાંધીજીએ ભાષણ કરતા જણાવ્યું કે '૬૧ વર્ષે કૂચ કેવી?જો જવું હોય તો હિમાલયની જાત્રાએ જવું તો કે મોક્ષ તો મળે? પરમેશ્વરનાં દર્શન તો થાય. હું તો ઉલ્ટો ધર્મ શીખ્યો છું. મારે દર્શન તો આમ કૂચ કરીને જ કરવા છે. અહી બહેનોએ સરસ મજાના ભજનો રજૂ કર્યા હતા. 'સ્વરાજ મીઠાના પહાડમાં છે', 'સુતરના તાંતણામાં સ્વરાજ છે', અને 'ખાદીનો મંત્ર તો ભણ્યા જ કરજો, 'શરાબની બદી તો છોડવી જ રહી' ની શિખ આપતા ભાવવાહી ભજનો બહેનો અને ભજનમંડળી એ રજૂ કર્યા હતા.' આ ભજનો સાંભળીને ગાંધીજી પણ ખુશ થઈ ગયા. ભાષણમાં તેમણે કહ્યું કે શરાબની બંધી પાછળ તો મીઠુબેન ઘેલી બની છે. આ બદી સામે એક પારસણ ઘર છોડે અને આપણે હજી ચઢાવે જઈએ એ શરમ ભરેલું છે. સ્વરાજની શરતો રોજેરોજ સંભળાવીને હું થાક્યો છું. સ્વરાજ એક-બે મહિનામાં મળે અને જન્મારો જાય, સરદાર ને મારા હાડકાં રાખમાં મળે ને સ્વરાજ ન યે મળે. બહારવટે નીકળ્યા છીએ. સરકારી સત્તા અસત્યનો પૂંજ છે. ગમે એવો મોટો પૂંજ કેમ ન હોય? પણ તે આપણી સત્યની ફૂંકથી ઢળી પડશે. પણ એવું સત્ય આપણામાં પ્રગટ થાય ત્યારે ને?. આ સત્ય પ્રગટાવવા માટે આજે જેમ મીઠાં ના કર સામેની કૂચમાં આપ સહુ જોડાયા છો તેમ ખાદી વણવી અને ખાદી પહેરવીનો મંત્ર પણ સતત ભરવો જ પડે. અને શરાબને તો હરહંમેશ માટે તિલાંજલિ આપવામાં આવે તો જ આપણામાં સત્ય પ્રગટી શકે.

સ્વરાજની લડતમાં અંગ્રેજ સરકારે જેમને સરકારી હોદ્દાઓ આપ્યા હતા તેમના રાજીનામા સંદર્ભે ગાંધીજીએ આ જાહેર સભામાં સ્પષ્ટતા કરી હતી. આ આ અગાઉ પણ દરેક ગામની અંદર પોલીસ પટેલ, મુખી કે તલાટીઓએ રાજીનામાં આપ્યા હોય ત્યારે ગાંધીજીએ આવી વખતોવખત ચોખવટ કરી જ હતી પરંતુ ઉમરાછી ગામ ખાતે ફરી પાછી તેમણે વધુ એક વખત સીધી ને સટ - ચોખ્ખી ને ચટ વાત કરી હતી, તેમણે કહ્યું કે હું આજે રાત્રે જ પોકાર કરીને હિસાબની ચોખવટ કરી લેવા ઈચ્છું છું. તમને ચેતાવું છું કે અમને દગો ના દેશો. મને દગો દેશો તે સરદારને દગો છે. ભારતમાતાને દગો છે. જાતને દગો છે. કોઈને તમારા રાજીનામાની ભૂખ નથી, ઝપાટામાં કામ ઉકલી જશે એમ ના માનતા. હવે ફરીએ મુખીપણૂં કે તલાટી પદ પાછું ન મળે એમ સમજીને રાજીનામા આપજો.

એક વાત અત્રે એ નોંધવા જેવી છે કે વિશ્વના અનેક દેશો અને ભારતના પણ સતત પરિભ્રમણ દરમિયાન ગાંધીજીને હંમેશા એવું લાગતું કે ગુજરાતને સારા ભજનો આવડતા નથી- ગુજરાત પાસે સારા ભજનો નથી. ભારતના અન્ય પ્રદેશોના ભજનોની સરખામણીએ ગુજરાત પાસે સારા ભજનો નથી એવો અભિપ્રાય તેમણે બાંધી દીધો હતો. પરંતુ ઉમરાછી ગામ ખાતે મહિલાઓએ અને મંડળીએ જે ભાવવાહી સ્વરમાં સુંદર ભજનો ગાયાં તે સાંભળીને ગાંધીજીએ પોતાનો અભિપ્રાય બદલી નાખ્યો હતો. ગાંધીએ કહ્યુ કે ગુજરાતને સારા ભજનો આવડતા નથી એ મારી વાત આજે સાચી લાગતી નથી. ભાંગ્યું ભાંગ્યું તો યે ભરૂચે ગાંધીજીનો ગુજરાતના ભજનો વિશેનો અભિપ્રાય ભાંગવામાં એ દિવસે સરસ મજાનું કાર્ય કર્યું હતુ. ગાંધીજીના જાહેરજીવનમાં પ્રાર્થના અને ભજનનું અદકેરું મહત્વ હતું. અને એટલા માટે જ ગાંધીજીએ પોતે જ્યારે આશ્રમની સ્થાપના કરી ત્યારે સંગીત માર્તંડ એવા નારાયણ મોરેશ્વર ખરેજીને પણ પોતાના સાથી તરીકે સાથે રાખ્યા હતા. ગુજરાત પાસે સુંદર મજાના ભજનો નથી એ સ્થિતિ દૂર કરવા માટે તેમણે ખરેજીની સૂઝબૂઝ સાથેના એક ભજન સંપુટ - 'આશ્રમ ભજનાવલિ' તેમણે તૈયાર કરાવી હતી. કીમ નદીના કાંઠે ગુજરાતને સારા ભજનો આવડતા નથી એવો પોતાનો અભિપ્રાય બદલતા ગાંધીજીને જોઈને ત્યાં હાજર એવા સહુ કોઈ ખૂબ જ આનંદવિભોર બની ગયા હતા. મજાની વાત એ પણ હતી કે ખુદ ગાંધીજીએ પણ પોતાનો જે મત હતો એ બદલવાની વૃત્તિ દાખવી હતી. આ એક વાત માંથી ગાંધીની સત્યપ્રિયતા પણ જોવા અને જાણવા મળે છે. સાથોસાથ મુરબ્બીશ્રી નારાયણભાઈ દેસાઈ કહે છે એવી ગાંધીની નિત્ય પરિવર્તનશીલતા પણ જોવા મળે છે.